**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૧૨૦૩૫ તા.૧૮/૦૨/૨૦૨૧

**પરિપત્ર-** ૨૬૩૫

સંદર્ભ- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો તા. ૧૪/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજન/૨૦૨૨/૬૪૯૨/૯૩.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃત્તિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના(ઈબીસી ફી માફી) અંતર્ગત આપની કોલેજમાં જરૂરી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજનાના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા જણાવવામાં આવે છે. ગ્રાન્ટની જરૂરિયાતના અંદાજો નિયત નમુનાનાં પત્રકમાં તા.૧૯/૦૨/૨૦૨૨ સવારે ૧૨:૦૦ કલાક સુધી રૂબરૂમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, પંચમહાલ, ગોધરા તથા યુનિવર્સિટી ખાતે મોકલી આપવાની રહેશે.

આપનો વિશ્વાસુ

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જિલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે

आज़ादी का अमृत महोत्सव

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, પંચમહાલ.ગોધરા

સરકારી તેલંગ વાણિજ્ય વિદ્યાલયના કેમ્પસમાં, સિવિલ હોસ્પિટલ સામે,ગોધરા જી.પંચમહાલ

ફોન નં./ફેક્સ નં.:૦૨૬૭૨-૨૪૦૨૪૨ ઈ-મેઈલ:- panchmahaldeo@gmail.com

ક્રમાંક/અજન/૨૦૨૨/૬૪૯૨/૯૩

તા.૧૪/૦૨/૨૦૨૨

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

શ્રી ગોવિંદ ગુરુ યુનીવર્સીટી,

સરકારી પોલિટેકનીક કોલેજ કેમ્પસ,

આર.ટી.ઓ. રોડ, ગદુકપુર, ગોધરા

તા.ગોધરા જિ.પંચમહાલ

વિષય: રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી)નાં ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત

સંદર્ભ: (૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૨૧/૧૩૫૬-૧૩૮૯ તા.૧૮/૦૯/૨૦૨૧

(૨) કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૨૧/૧૭૮-૨૦૬ તા.૨૧/૧૨/૨૦૨૧

(૩) કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૨૨/૭૯-૦૧૦૧ તા.૦૮/૦૨/૨૦૨૨

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લાની સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષે-૨૦૨૧-૨૨માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમાં રાજ્ય સરકારશ્રી શિષ્યવૃત્તિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) નાં ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબતે સંદર્ભદર્શિત પત્રથી સૂચના મળેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જે અંતર્ગત સંદર્ભદર્શિત પત્ર-(૧)માં જણાવ્યા મુજબની જોગવાઈઓ ધ્યાને લઈ આપનાં તાબા હેઠળની તમામ કોલેજની ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત છે તેના અંદાજો આ સાથે સામેલ નિયત નમુનાનાં પત્રકમાં દિન-૦૧માં રૂબરૂમાં અત્રેની કચેરીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

પંચમહાલ.ગોધરા

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના (જાણ થવા નમ્ર વિનંતી સહ):</u>

- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, (માધ્યમિક), કમિશ્નર શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned with CamScanner

ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૨/ ૭૯-૧૦૮

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોકનં:૯/૧,ડૉ.જે.એમ.ભવન, ગાંધીનગર

તા૦૪/૦૨/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

➤ અમદાવાદ (ગ્રામ્ય), અમરેલી, આણંદ, અરવલ્લી, છોટાઉદેપુર, દાહોદ, ગાંધીનગર, જામનગર, જુનાગઢ, ખેડા, મહીસાગર, મોરબી, ગીરસોમાનાથ, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, સુરત, તાપી, વલસાડ, દેવભૂમિદ્વારકા, ડાંગ, બોટાદ

વિષય:- રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી)ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત(સને.૨૦૨૧-૨૨)

સંદર્ભ: (૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ. તા.૧૮/૦૮/૨૦૧૭

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના તા.૧૮/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૧/ ૧૩૫૬-૧૩૮૯

(૩) કમિશનર શાળાઓની કચેરી આ કચેરીના તા.૨૧/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક:હ-૨/ સ્કો/૨૦૨૧/૧૭૮-૨૦૬

શ્રીમાન,

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૧-૨૨ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમાં રાજ્ય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. જે અન્વયે આપના જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેનાં અંદાજો આપના જિલ્લાની ઉક્ત કોલેજોના આચાર્યશ્રીઓ પાસેથી અરજીઓ મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને ૧૮/૦૯/૨૦૨૧ પહેલા મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. જે અન્વયે જણાવવાનું કે, અંદાજો તૈયાર કરીને મોકલી આપવાની તા.૧૫/૦૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવે છે. તો અંદાજો તૈયાર કરીને તા.૧૫/૦૨/૨૦૨૨ સુધીમાં માહિતી મોકલી આપવા વિનંતી છે. તમામની વિગત એકત્રિત કરીને દર વર્ષની જેમ સંકલન કરીને નિયત સમય મર્યાદામાં આ કચેરીને મોકલી આપવા વિનંતી છે.

આપના જિલ્લામાં આવા કોઈ લાભાર્થી ન હોય તો જિલ્લાની 'શૂન્ય" માહીતી પણ મોકલી આપશો. માહિતી આ સાથેના ઈ-મેઈલ પર સોફ્ટ કોપી પણ મોકલી આપશો. Ebcscholarship21@gmail.com

સંયુક્ત શિક્ષણ નિયામક

Scanned with CamScanner

ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૧/ ૧૯૮-૨૦૬
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં:૯/૧,ડૉ.જે.એમ.ભવન,
ગાંધીનગર
તા.૨૧/૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

➢ અમદાવાદ શહેર, અમદાવાદ (ગ્રામ્ય), અમરેલી, આણંદ, અરવલ્લી, છોટાઉદેપુર, દાહોદ, ગાંધીનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, નર્મદા, મહીસાગર, મોરબી, ગીરસોમનાથ, નવસારી, પંચમહાલ, પાટણ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, તાપી, વલસાડ, દેવભૂમિદ્વારકા, ડાંગ, બોટાદ

વિષય:- રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી)ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત(સને.૨૦૨૧-૨૨)

સંદર્ભ: (૧)સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ, તા.૧૮/૦૮/૨૦૧૭
(૨) આ કચેરીના તા.૧૮/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૧/૧૩૫૬-૧૩૮૯

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૧-૨૨ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને ચાલુ વર્ષમાં રાજ્ય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. જે અન્વયે આપના જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેના અંદાજો આપના જિલ્લાની ઉક્ત કોલેજોના આચાર્યશ્રીઓ પાસેથી અરજીઓ મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને તા.૦૧/૧૦/૨૦૨૧ પહેલા મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. જે અન્વયે જણાવવાનું કે, અંદાજો તૈયાર કરીને મોકલ આપવાની તા.૨૮/૧૨/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે તો અંદાજો તૈયાર કરીને તા.૨૮/૧૨/૨૦૨૧ સુધી મોકલી આપવા વિનંતી છે. તમામની વિગત એકત્રિત કરીને દર વર્ષની જેમ સકલન કરીને નિયત સમય મર્યાદામાં આ કચેરીને મોકલી આપવા વિનંતી છે.

માહિતી આ સાથેના ઈ-મેઈલ પર સોફ્ટ કોપી પણ મોકલી આપશો. Ebcscholarship21@gmail.com

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

નકલ રવાના:-
- [illegible]

Scanned with CamScanner

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
સ્કોલરશીપ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ક્રમાંક:ઇ-૨/સ્કો/૨૦૨૧/ 1345-1368
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોકનં:૧૨/૨,ડૉ.જે.એમ.ભવન, ગાંધીનગર
તા.10/09/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા તમામ

વિષય:- રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી)ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત(સને.૨૦૨૧-૨૨)

સંદર્ભ:- સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ, તા.૧૪/૦૮/૨૦૧૭

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૦-૨૧ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમાં રાજય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. જે અન્વયે આપના જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેનાં અંદાજો આપના જિલ્લાની ઉક્ત કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને કે કોલેજોના આચાર્યશ્રીઓ પાસેથી અંદાજો મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને તા.૦૧/૧૦/૨૦૨૧ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી નિયત સમયમર્યાદામાંઆ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઈ શકે.

➢ આ માહિતી એકત્રિત કરતી વખતે નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

1. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવમાં જોગવાઈ કર્યા મુજબ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મળવાપાત્ર ફી માફીની રકમ ધ્યાને લેવાની છે.
2. ધોરણ-૧૨ માં ૬૦ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આખી શિક્ષણ ફી અને ૬૦ ટકા થી ઓછા ગુણ મેળવનાર (સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિદ્યાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે. જ્યારે બીજા અને ત્રીજા વર્ષમાં આખી ફી માફી મેળવવા માટે આગલા વર્ષે ૫૦% કરતાં વધુ ગુણ જોઈએ અને ૫૦% કરતાં ઓછા ગુણ મેળવેલ હશે તો આખી ફી માફી મળવાપાત્ર થશે નહી, અડધી ફી માફી મળવાપાત્ર થશે.

22/9/21

E-mail:- dduniversity-che@gujgov.edu.in
E-mail:- ssuniversity-che@gujgov.edu.in
phone-07923253994
phone-07923254022

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં 7207

Scanned with CamScanner

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

સ્કોલરશીપ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

---

3. સ્નાતક કક્ષાએ ૬૫ ટકા કરતાં વધુ ગુણ મેળવનારને આખી શિક્ષણ ફી અને ૬૫ ટકા થી ઓછા ગુણ મેળવનાર (અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિદ્યાર્થીઓને અડધી ફી ચુકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે.

4. વિદ્યાર્થીના વાલીના વાર્ષિક આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- ની છે.

5. ઉક્ત ઠરાવની જોગવાઇ મુજબ માત્ર કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. શાળાના વિધાર્થીઓને ચુકવવાપાત્ર નથી. જેથી તેઓની માહિતી મોકલવાની નથી.

6. રાજ્ય સરકારશ્રીની કોઈપણ એક શિષ્યવૃતિ મળવાપાત્ર હોઈ જે વિધાર્થીએ આર્થિક રીતે પછાત વર્ગના ધોરણે કોઈ નિયત દરે અન્ય શિષ્યવૃતિનો લાભ મેળવેલ હશે. કે અન્ય કોઈ યોજના હેઠળ શિક્ષણ ફી માફી મળેવેલ હશે. તો પણ તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર ન હોઈ તેની માહિતી મોકલવાની નથી.

7. સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) કોલેજના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

આપના જિલ્લાની કોલેજોનો કોઈ પાત્રતા ધરાવતો વિધાર્થી ઉક્ત શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તે મુજબની કાર્યવાહી કરવા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવશો. અને કોલેજો આ કચેરીને સીધે સીધી માહિતી ના મોકલે તે પણ જણાવશો. તમામની માહિતી અમારી કચેરીમાં મંગાવીને એકત્રિત કરીને દર વર્ષની જેમ સંકલન કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં નિયત સમય મર્યાદામાં આ કચેરીને મોકલી આપશો.

માહિતી આ સાથેના ઈ-મેઈલ પર પણ મોકલી આપશો. nslgseche@gmail.com

નાયબ નિયામક,
ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી
ગુ.રા., ગાંધીનગર

બિડાણ : નિયત પત્રક

નકલ રવાના :-

- પ્રિન્સીપાલશ્રી, સરકારી અને માત્ર ગ્રાન્ટેડ બિન સરકારી કોલેજો, તમામ.

Scanned with CamScanner

પત્રક-અ

આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) હેઠળ સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં થનાર ખર્ચના અંદાજોની વિગત દર્શાવતુ પત્રક

કચેરીનું નામઃ- જિલ્લાનું નામઃ-

| ક્રમ | કોલેજનું નામ | સરકારી કે ગ્રાન્ટ ઇન એઇડ | વર્ષ | આખી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચુકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | અડધી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચુકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | એકંદરે ચુકવવાની થતી રકમ રૂ. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એફ.વાય. | | | | | | |
| | | | એસ.વાય. | | | | | | |
| | | | ટી.વાય. | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રથમ વર્ષ | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ બીજુ વર્ષ | | | | | | |
| કુલ સરવાળો | | | | | | | | | |

નાયબ નિયામકશ્રી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગાંધીનગર

નોંધ :- માહિતી "નીલ" હોય તો પણ જાણ કરવાની રહેશે અને શાળાના વિદ્યાર્થીઓની માહિતી મોકલવાની નથી.

Scanned with CamScanner